તા. 1/6/2025 ના રોજ ધી શાયપ્રમ કો.ઓ. હા. સ. સોસાયટી ની ખાસ સાધારણ સભામા પસાર કરવામા આવેલ ઠરાવ.

## ● <u>મેઈન્ટેનન્સ બાબત....</u>

ઠરાવ - 1

સોસાયટીના દરેક સભ્યએ નીચે મુજબ દર માસે સોસાયટી મેઈન્ટેનન્સ પેટે રકમ જમા કરાવવાની રહેશે.

નિયત કરવામા આવેલ મેઈન્ટેનન્સ

| | |
|---|---|
| યુનિટ દીઠ મેઈન્ટેનન્સ | 2000/-પ્રતિ માસ. |
| દુકાન દીઠ | 1000/- પ્રતિ માસ |
| ભાડુઆત દીઠ | 3000/- પ્રતિ માસ. |
| | |
| | |

15 તારીખ પછી મેઈન્ટેનન્સ આવશે તો દિવસ દીઠ 30 રુપિયા લેટ ફી લઈ સ્વિકારવામા આવશે.

- ઠરાવ સર્વાનુમતે પસાર.....

ઠરાવ ન – 2

દુકાન – મકાનનુ મેઈંટેનંસ મે – 2025 થી જમા કરાવવાનુ ઠરાવવામા આવે છે.

- ઠરાવ સર્વાનુમતે પસાર...

## ● <u>ગ્રાઉન્ડ ફ્લોર પ્રસંગ વપરાશ માટેના નિયમ :</u>

ઠરાવ ન – 3 .

કોઇ સભ્યના ઘરે પ્રસંગ આવતો હોય અને તેઓને ગ્રાઉન્ડ ફ્લોર વપરાશ માટે જરૂરિયાત હોય એક માસ પહેલા વહેલાતે પહેલાના ધોરણે કમિટી ને જાણ કરી ગ્રાઉન્ડ ફ્લોર વપરાશ અંગેની આજની બેઠક મા નક્કી થયેલી ફી રૂ. 2000/- ( અંકે 2 હજાર પુરા ) / 24 કલાક માટેના જમા કરાવી તેની પહોંચ મેળવી લેવી. સંજોગોવશાત કોઇ કારણસર બૂકિંગ રદ્દ કરવાનુ થાય તો કમિટી ને લેખિતમા જાણ કરવી.આવા સંજોગોમા વહીવટી ખર્ચ રૂપિયા 1000/- ( અંકે રૂપિયા એક હજાર પુરા ) કાપી બાકીની રકમ પરત કરવામા આવશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર....

ઠરાવ ન – 4.

પ્રસંગ માટે કોઇપણ સંજોગોમા જીમ હોલ તથા ટેરેસ નો ઉપયોગ  કરવો નહી.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન -  5

જે સભ્ય શ્રી નો પ્રસંગ હોય એમને વીજળીનો વપરાશ પોતાના ઇલેક્ટ્રીક્ટ મીટર માથી જ કરવાનો રહેશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

તા. 1/6/2025 ના રોજ ધી શાયપ્રમ કો.ઓ. હા. સ. સોસાયટી ની ખાસ સાધારણ સભામા પસાર કરવામા આવેલ ઠરાવ.

ઠરાવ ન – 6

પ્રસંગ માટે જમણવારનુ નક્કી કરો ત્યારે કેટરર્સ પાસે એંઠવાડનો નિકાલ કેટરર્સે પોતાની રીતે કરવો તથા વાસણ ઘસવા માટેની મંજુરી સોસાયટીમા નથી એવી સ્પષ્ટતા સાથે કેટરર્સ ને ઓર્ડર આપવો. (વાસણ સોસાયટીમા ઘસવાના નથી.)

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 7.

પ્રસંગ પૂર્ણ થયે જેનો પ્રસંગ હોય એ સભ્ય શ્રી એ ગ્રાઉન્ડ ફ્લોર , કોમન ટોઇલેટ સાફ કરાવી કમિટીના સભ્ય શ્રી ને જાણ કરી , સાથે રાખી સાફ સફાઇ બતાવી દેવાની રહેશે. જો સાફ સફાઇ સંતોષકારક નહી હોય તો સભ્યશ્રી ના ખર્ચે કમિટી ફરીથી સાફ સફાઇ કરાવશે . જેનો ખર્ચ જેના ઘરે પ્રસંગ હોય તે સભ્ય શ્રી એ ભોગવવાનો રહેશે. પ્રસંગ પૂર્ણ થયે તુરતજ સાફ સફાઇ કરાવવી.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 8.

પ્રસંગ દરમિયાન સોસાયટીને કઇપણ જાતનુ નુક્શાન થશે તો નુક્શાનની ભરપાઇ જેના ઘરે પ્રસંગ હોય તે એ સભ્યશ્રી પાસેથી કરવાની રહેશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

- <u>ભાડુઆત બાબત</u>:

ઠરાવ ન -9.

મકાન ભાડે આપતા સમયે સૌ પ્રથમ ભાડા કરાર , પોલીસ વેરિફીકેશન કમિટીમા જમા કરાવવાનુ રહેશે. જે બાબતની એન.ઓ.સી. મકાન માલિકે લેવાની રહેશે.ત્યારબાદ જ ભાડુઆતને સોસાયટીમા પ્રવેશ મળશે .

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 10.

ભાડુઆતને સોસાયટીના તમામ નિયમોથી માહિતગાર કરવાની જવાબદારી મકાન માલિકની રહેશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 11.

P.G. , બેચલર્સ, કમ્પની ગેસ્ટ હાઉસ કે અનૈતિક પ્રવૃત્તિ , કોમર્શિયલ પર્પઝ માટે તથા સોસ્સ્યટીમા ન્યુસંસ ઉભુ થાય એવા કોઇપણ ભાડુઆતને મકાન ભાડે આપવુ નહી.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

- <u>લીફ્ટ વપરાશ બાબત</u>.

તા. 1/6/2025 ના રોજ ધી શાયપ્રમ કો.ઓ. હા. સ. સોસાયટી ની ખાસ સાધારણ સભામા પસાર કરવામા આવેલ ઠરાવ.

ઠરાવ ન – 12.

ભાડુઆત કે મકાનમાલિકે ઘરવપરાશનો સામાન લીફ્ટ થી ચડાવવાનો થાય ત્યારે સૌ પ્રથમ સોસાયટીને જાણ કરી મંજૂરી લેવાની રહેશે. જેની N.O.C. લઈ સામાન લીફ્ટ મા ચડાવતા સમયે સીક્યોરીટી ગાર્ડને N.O.C. જમા કરાવવાની રહેશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 13.

સામાન ચડાવવાની N.O.C. લેવા માટે કમિટીને સામાન ચડાવવાની ફી પેટે રૂ. 1000/- ( અંકે રૂપિયા એક હજાર પુરા /- ) જમા કરાવવાના રહેશે. ઘર સામાન ઉતારવા માટે પણ ઉપરોક્ત પ્રક્રિયા અનુસરી લીફ્ટમાથી સામાન ઉતારવાની ફી પેટે 1000/- ( અંકે એક હજાર રૂપિયા પુરા/- ) કમિટીમા જમા કરાવી લિફ્ટમાથી સામાન ઉતારવાની N.O.C. મેળવી લેવી . આ N.O.C. સિક્યોરીટી કેબીનમા જમા કરાવ્યા બાદ જ ઘર સામાન ભરવા માટે આવેલા વીહીકલને સિક્યોરીટી દ્વારા બિલ્ડીંગ મા પ્રવેશ આપવા દેવામા આવશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

ઠરાવ ન – 14.

- લીફ્ટમા ઘર વપરાશના સામાનની સાઈઝ 5 X 2 ( 5 ફૂટ ઊંચાઈ તથા 2 ફૂટ પહોળાઇ ) થી વધારે હોવી જોઈએ નહી.
- લીફ્ટને લોડ ન પડે એટલા વજનથી વધારે વજનનો સામાન લીફ્ટ મા ચડાવવો નહી.
- સામાન ચડાવવા માટે લીફ્ટ ન 2 ( સીડી ની બાજુવાળી લીફ્ટ ) નો જ ઉપયોગ કરવો. મકાન માલિકે મકાન ભાડે આપતા સામાન ચડાવવા માટે લીફ્ટ ન – 2, નો ઉપયોગ કરવો એવી સુચના આપવી
- બાંધકામનો સામાન જેવો કે, ઇંટો , રેતી , સિમેંટ વગેરે લીફ્ટમા ચડાવવા નહી. સીડીથીજ સામાન ચડાવવાનો રહેશે.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

- <u>દુકાનના ઉપયોગ બાબત</u> :

ઠરાવ ન – 15.

- દુકાનદારે પોતાના વ્યવસાયની પ્રવૃત્તિ તથા દુકાનનો સામાન દુકાનની અંદરજ રાખવાનો રહેશે. જાહેરાત ના બોર્ડ કે હોર્ડીંગ્સ સોસાયટીના સભ્યો બિલ્ડીંગ ની બહાર નીકળતા રોડ પરનો વ્યુ જોવામા તકલીફ પડે એ રીતે બીલકુલ રાખવા નહી.
- દુકાનનુ પાર્કીંગ દુકાનના આગળના ભાગે જ કરવાનુ રહેશે.
- દુકાનની આગળના ભાગના ફુલછોડને કોઇ નુક્શાન ન થાય તે દરેક દુકાનદારની જવાબદારી રહેશે.
- દુકાનના ભાડુઆતનો ભાડા કરાર તથા પોલીસ વેરિફીકેશન કમિટીમા જમા કરાવવાનુ રહેશે.
- સોસાયટીમા ન્યુસંસ ઉભુ થાય એવી પ્રવૃત્તિ માટે દુકાન ભાડે આપવી નહી.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

- <u>જીમના ઉપયોગ બાબત.</u>

ઠરાવ ન – 16.

તા. 1/6/2025 ના રોજ ધી શાયપ્રમ કો.ઓ. હા. સ. સોસાયટી ની ખાસ સાધારણ સભામા પસાર કરવામા આવેલ ઠરાવ.

- જીમનો વપરાશ કરનારે તકેદારી રાખી જીમનો ઉપયોગ કર્યા બાદ એ.સી. તથા સાધનો નુક્શાન ન થાય એ રીતે યોગ્ય પરિસ્થિતીમા મુકવા.
- જીમના એ.સી. નો વપરાશ ફક્ત ઠંડક ખાવા માટે કરવો નહી.
- જીમનો વપરાશ 15 વર્ષ થી નીચેની ઉમરના બાળકોએ કરવો નહી.
- જીમ ટાઈમીંગ

| | |
|---|---|
| સવારે | 6 થી 9 |
| બપોરે | 3 થી 5 ( LADIES ONLY ) |
| સાંજે | 6 થી 8 |

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

## ● મકાન – દુકાન ખરીદ વેચાણ બાબત..

**● ઠરાવ ન – 17.**

ફ્લેટ અને દુકાનના ખરીદ વેચાણ કરતી વખતે દલાલ તથા વેચાણ રાખનાર પાર્ટીની રુબરૂ મુલાકાત કરાવવી અને સોસાયટીનુ N.O.C. લઈને જ આગળની પ્રોસીજર કરવી. દુકાન – મકાનના ખરીદ-વેચાણ સમયે N.O.C. લેવા માટે 50,000/- ( અંકે પચાસ હજાર રૂપિયા પુરા /- ) ટ્રાંસફર ફી તથા 50,000/- ( અંકે પચાસ હજાર રૂપિયા પુરા /- ) ડેવલપમેંટ ફી સોસાયટી મા જમા કરાવવાની રહેશે.

- મકાન-દુકાન ખરીદ વેચાણ વખતે સોસાયટીનુ કોઈપણ પ્રકારનુ DUES ( લેણુ ) હશે તો N.O.C. મળશે નહી.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

## ● પાર્કિંગ બાબત...

**ઠરાવ ન. - 18.**

- દરેક સભ્ય એ પોતાનુ ફોર વ્હીલ વેહીકલ પોતાના એલોટેડ પાર્કિંગ મા જ યોગ્ય રીતે પાર્ક કરવુ. એક સભ્ય/ એક પાર્કિંગ પ્રમાણે જ પાર્ક કરવુ. જરૂર જણાય તો પોતાના પાર્કિંગ મા પોતાના ખર્ચે હાઈડ્રોલીક પાર્કીંગ ઈંસ્ટોલ કરાવી શકશે.
- દરેક સભ્ય એ પોતાના ટુ વ્હીલરનુ પાર્કીંગ ગ્રાઉન્ડ ફ્લોર પર તથા જગ્યા ન હોય તો બેઝ્મેન્ટ મા દર્શાવેલ ટુ વ્હીલર પાર્કીંગ ની જગ્યા મા જ પાર્ક કરવુ.
- ટુ વ્હીલર એ રીતે પાર્ક કરવુ કે જેથી બાજુમા પાર્ક કરેલી કાર નો દરવાજો ખોલવામા તકલીફ ન પડે.
- ફ્લેટમા દરેક સભ્ય શ્રી ને ત્યા આવતા મહેમાનોએ પોતાના વાહનનુ પાર્કીંગ સોસાયટીની બહાર પાર્ક કરવા. જે બાબત સભ્ય શ્રી એ પોતાના મહેમાનને અગાઉ થી જાણ કરવી.
- E.V. ( ઈલેક્ટ્રીક્ટ ) વેહીકલ ચાર્જીંગ માટેનો પોઈન્ટ પોતાના ફોર વ્હીલર પાર્કીંગ ની જગ્યામાજ રાખવો.

- ઠરાવ સર્વાનુમત્તે પસાર...

## * જનરલ બાબત...

**ઠરાવ ન - 19.**

તા. 1/6/2025 ના રોજ ધી શાયપ્રમ કો.ઓ. હા. સ. સોસાયટી ની ખાસ સાધારણ સભામા પસાર કરવામા આવેલ ઠરાવ.

- પોતાને ત્યા આવતા દરેક વ્યક્તિની ( ગેસ્ટ ) ફરજીયાત રીતે સિક્યોરીટી કેબીનમા એન્ટ્રી કરાવવી. કોઇ સભ્યએ પોતાના ગેસ્ટ એન્ટ્રી નહી કરે એવો દુરાગ્રહ રાખવો નહી.
- એન્ટ્રી રજીસ્ટર ના કોલમ મુજબ દરેક માહિતી ફરજીયાત લખવી.
-
- રાત્રે 10 થી સવારે 6 વાગ્યા સુંધી ઓનલાઇન ઓર્ડરની ડીલીવરી આવે તો સભ્ય શ્રી એ પોતે જાતે ગેટ પર જઈ લઈ લેવી.
- સભ્યશ્રી ના ઘરે આવતા સફાઈ કામદારની આધાર કાર્ડ ની બે ઝેરોક્સ કોપી લઈ એક ઝેરોક્ષ સિક્યોરીટી કેબીનમા જમા કરાવવી તથા મકાન માલિકે પોતાની પાસે એક ઝેરોક્ષ રાખવી. સફાઇ કામદાર જેટલી વખત સોસાયટીમા આવે તે દરેક વખતે સિક્યોરીટી કેબીન રજીસ્ટરમા ફરજીયાત એન્ટ્રી કરવી.
- દરેક સભ્યએ પોતાની વસ્તુ જેવી કે ડસ્ટબીન , ચપ્પલો વગેરે પોતાના પર્સનલ ફ્રોયરમા જ રાખવુ તથા કોમન ફ્રોયરમા પોતાની કોઇપણ વસ્તુ રાખવી નહી.
- દરેક સભ્યે પોતાના ઘરમા ટી.વી. , મ્યુઝીક સીસ્ટમ , રેડીયો નો અવાજ બિલ્ડીંગ મા કોઇને પણ ડિસ્ટર્બ ન થાય એટલા અવાજ થી જ વગાડવુ . ( નવરાત્રી નો તહેવાર માતાજીના ગુણગાન ગાવાનો તહેવાર હોવાથી સોસાયટી ના સામુહીક આયોજનને આ નિયમમાથી બાકાત રાખવામા આવે છે. )
- જેના મકાનમા ફર્નિચરન, કંસ્ટ્રક્શન, કલર કામ ચાલતુ હોય એમના થકી જનરલ ફ્રોયરમા કોઇ કચરો ના થાય એ જોવુ.
- કંસ્ટ્રક્શન ને લગતો સામાન દરેક સભ્યએ સોસાયટી ગેટની બહાર ઉતારવો. બેઝમેંટ મા કોઇ સંજોગોમા લઈ જવો નહી.
- આકસ્મિક ખર્ચ સોસાયટીમા આવે તો સેક્રેટરી અને ચેરમેન કોઈને પુછ્યા વગર 15000/- રૂપિયા સુંધી ખર્ચ કરી શકશે. 15001/- થી 50000/- રૂપિયા સુંધિનો ખર્ચ હોય તો કમિટી ના સભ્ય ની મંજુરી લેવી જરૂરી છે. અને 50,000/- રૂપિયા થી વધારે નો ખર્ચ આવે તો તાત્કાલિક જનરલ મિટીંગ બોલાવી મિટીંગ મા મંજુર કરાવવાનુ રહેશે.
- સોસાયટીમા પોતાના પાલતુ પશુ-પ્રાણી લઈને ફરવુ નહી.
- જ્યારે પણ જનરલ મિટીંગ થાય અને તે મિટીંગ મા જે સભ્ય હાજર ન હોય ત્યારે તે મિટીંગ મા લેવામા આવેલ નિયમ કે કરવામા આવેલ ઠરાવ તે સભ્ય શ્રી ને બંધંનકર્તા રહેશે.